જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૦૮/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૭૫/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.30/0૮/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૭૬ | 3 | ૧૦૩૭૯ | ૧૬૪૭૫ | ૪ | ૧૬૪૭૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૮ | 0 | ૪૩૩૮ | ૫૮૫૨ | 0 | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | 0 | ૪૫ | ૨૧૯ | 0 | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૮૯ | ૧ | ૧૪૦૯૦ | ૧૪૭૯૪ | ૧ | ૧૪૭૯૫ |
| | કુલ | ૨૮૮૪૮ | ૪ | ૨૮૮૫૨ | 3૭3૪0 | ૫ | 3૭3૪૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧ | ૫,૩૩,૯૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૭ | ૭૭,000/- |

# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સેટેલાઇટ પોલીસ સ્ટેશન :-**

## મોબાઇલ લુંટ ના ગુન્હાનો ભેદ ઉકેલતી સેટેલાઈટ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ નાઓની સુચના મુજબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબ નાઓની સુચના મુજબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન તેમજ **સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટરશ્રી જે.બી.અગ્રાવત** નાઓના માર્ગદર્શન હેઠળ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ સેટેલાઇટ પો.સ્ટેશન ખાતે નોધાયેલ ગુ.ર.નં.૧૧૧૯૧૪૦૨૨૦૭૧૨ ઇ.પી.કો. ક્લમ ૩૯૨,૧૧૪ મુજબ ના ગુન્હાની તપાસ હાથ ધરવામા આવેલ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. કે.ડી.રવીયા નાઓ તથા સર્વેલન્સ સ્કોડ પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં રહી બનાવવાળી જગ્યા તથા રૂટ ના સીસીટીવી તપાસી ખાનગી બાતમી દારો થી સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. કે.ડી.રવિયા તથા સાથેના સ્ટાફના લોકરક્ષક મહેન્દ્રસિંહ ભરતસિંહ નાઓએ બાતમી હકીકત મેળવી નીચે જણાવેલ આરોપીઓને લુંટ મા ગયેલ મુદામાલ સાથે તથા ગુન્હામા વપરાયેલ રીક્ષા સાથે પકડી તારીખ-૨૯/૦૮/૨૦૨૦ ના કલાક ૧૩/30 વાગે અટક કરી ગણતરીના કલાકોમા ગુન્હાનો ભેદ ઉકેલીને સેટેલાઈટ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

આરોપી:- (૧)મોહસીનખાન ઉર્ફે ટાર્ઝન રઝાકખાન પઠાણ ઉ.વ.૩૩ ધંધો રી.ડ્રા. રહે સી/૪૭ ગાલીકપાર્ક મકકા નગર ની અંદર શાંતિનિકેતન સ્કુલ પાસે જુહાપુરા અમદાવાદ શહેર તથા (૨)કમરૂદિન અક્તરભાઇ શેખ ઉ.વ.૧૯ રહે સીપાઇવાસ જોરાવર સૈયદબાવાની દરગાહ પાસે સરખેજ અમદાવદ શહેર (૩)મોહમ્મદ નિશાર મોહમ્મદ સાકીર શેખ ઉ.વ.૨૩ રહે ૧ રૂક્ષારપાર્ક ફતેવાડી ટાવર ની પાસે ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર

મુદામાલ:- (I)OPPO કંપનીનો ગોલ્ડ મોબાઇલ ફોન IMEI -868839035908252 કિ.રૂ.૧૦,૦૦૦/- (૨) એમ.આઇ.કંપનીનો ગોલ્ડ કલર નો મોબાઇલ ફોન IMEI -866410033099445 કિ.રૂ.૧૦,૦૦૦/-(૩) REALME કંપની નો બ્લુ ક્લર નો સ્માર્ટફોન કિ.રૂ.૭૦૦૦/-ગણાય તે (૪) એમ.આઇ. કંપનીનો ગોલ્ડ કલર નો સ્માર્ટફોન કિ.રૂ.૫૦૦૦/-ગણાય (૫)સી.એન.જી.રીક્ષા નં-GJ-01-TE-7666 એ.નં.-59632 ચે.નં.- 58061 કિ.રૂ.૬૦,૦૦૦/- ગણાય કુલ્લે મુદમાલ રૂ.૯૨૦૦૦/- મતાનો ગણાય.

કામગીરી કરનાર ટીમ:-

પોલીસ. સબ. ઈન્સ.કે.ડી.રવીયા તથા હે.કો. રાઘવદાન ખેતદાન તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ તથા પો.કો નાગરાજભાઈ લાખાભાઈ તથા પો.કો. મેહુલકુમાર હસમુખભાઇ તથા લોકરક્ષક પરેશભાઈ નારાયણભાઈ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :-

## નારોલ પોલીસ સ્ટેશનમાં દારૂ ના ગુનામાં ભાગતા ફરતા આરોપીને ભારતીય બનાવટના ઇંગ્લીશ દારુની ૪૭ બોટલો સાથે પકડતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

### આરોપીઓનું નામ સરનામુ

(૧) વિરેન્દ્રસિંહ ઉર્ફે વીડી સ/ઓ દશરથસિંહ રાઠોડ ઉવ.૨૮ રહે, દરબાર વાસ નવદુર્ગા મંદિર પાસે વિઝોલ ગામ જી.આઇ.ડી..સી.વટવા અમદાવાદ શહેર

(૨) રવી ઉર્ફે ભાલુ અનીલભાઇ ભીખુભાઇ ઠક્કર ઉ.વ.૨૯ રહે.એ/૭/૧૦૧ ઉમંગ ફ્લેટ સનરાઇજ હોટલ પાછળ, અસલાલી સર્કલ પાસે, અમદાવાદ શહેર મુળ વતન ધાંગધ્રા જી.સુરેન્દ્રનગર

### આરોપીઓનો ગુનાહીત ઇતીહાસ -

(૧) વિરેન્દ્રસિંહ ઉર્ફે વીડી સ/ઓ દશરથસિંહ રાઠોડ

1.જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં-૩૯૫/૨૦૧૯ પ્રોહી કલમ ૬૫(ઇ),૧૧૬(બી) મુજબ
2.જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં ૨૭/૨૦૧૯ પ્રોહી કલમ ૬૫(ઇ),૧૧૬(બી) મુજબ
3.જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં ૧૩૮/૨૦૧૯ પ્રોહી કલમ ૬૫(ઇ),૧૧૬(બી) મુજબ
4.કડી પો.સ્ટે જી.મહેસાણા પ્રોહી ગુ.ર.નં ૨૧૧૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૧૧૬(બી),૮૧ મુજબ
5.નારોલ પો.સ્ટે. ગુ.ર.નં-પાર્ટ સી ૦૦૭૭૦/૨૦૨૦ ૬૫(એ)(એ), ૧૧૬(બી), મુજબના કામે વોન્ટેડ

(૨) રવી ઉર્ફે ભાલુ અનીલભાઇ ભીખુભાઇ ઠક્કર

1. અસલાલી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં-૨૭૩/૨૦૧૮ પ્રોહી કલમ ૬૫(ઇ) મુજબ
2. જી.આઇ.ડી.સી વટવા. પો.સ્ટે ગુ.ર.નં - સે.૦૪/૨૦૧૭ ઇ.પી.કો. કલ ૩૨૩,૫૦૬ મુજબ
3. નારોલ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં. ૧૭૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૨૪,૩૨૪,૧૧૪ મુજબ
4. ડબોડા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૫/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ
5. અસલાલી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં – ૭૯૯/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ) મુજબ

### મુદ્દામાલ–

ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ શીલબંધ કાચની ૭૫૦ એમ.એલ.ની ૨૨ તથા ૧૮૦ એમ.એલની ૨૫ મળી કુલ્લે ૪૭ બોટલો કુલ્લે કિ.રૂ. ૧૦,૨૦૦/- તથા બંન્ને ઇસમની અંગજડતી માંથી મળેલ રોકડ રૂપિયા ૧૫૦૦/- તથા બે મોબાઇલ ફોન કુલ કિ.રૂ.૧૮,૦૦૦/- તથા કાળા કલરની એક્ટીવા એંજીન નં-JF91E-W-0098825 ની કિ .રૂ.૩૫,૦૦૦/- તથા પ્લાસ્ટીકના નો કોથળો કિ.રૂ. ૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ. ૬૪,૭૦૦/-

# ગુમ/અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## લગ્ન કરવાની લાલચ આપી ૧૬ વર્ષની બાળકીનુ અપહરણ કરી ભગાડી લઇ જનાર આરોપી તથા ભોગ બનનારને ગણતરીના દિવસોમાં શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ અપહરણના ગુન્હાઓમાં આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ચાંદખેડા પોલીસ સ્ટેશન ૧૧૧૯૧૦૦૮૨૦૧૦૧૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટ કલમ ૪, ૫(એલ), ૧૧(Vi), ૧૨ મુજબના કામે ફરિયાદીની ભોગબનનાર ૧૬ વર્ષની બાળકીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડી લઇ જનાર આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢવા ગુપ્ત બાતમી તંત્ર ઉભુ કરી ભોગ બનનાર તથા આરોપી સચીન ઉર્ફે પાપે નરેંદ્રભાઇ કનુભાઇ ગુર્જર ઉ.વ.૨૪ ધંધો-નોકરી, રહે.હાલ-મકાન નં.૭૧, આવાસ પાર્ક સોસાયટી, પ્રેમપ્રકાશ આશ્રામ પાસે, કોતરપુર વોટર વર્કસની બાજુમાં, નોબલનગર, સરદારનગર, અમદાવાદ શહેર. મુળ રહે.-મકાન નં.૧૪૩/આર, માનસરોવર ટાઉનશીપ, આઇ.ઓ.સી. રોડ, ચાંદખેડા અમદાવાદ શહેર. મુળ વતન ગામ-સુઘડ, તા.જી.-ગાંધીનગર નાનો ભાટ ગામ ટોલટેક્ષની બાજુમાં દેવ-નારાયણ પાન પાર્લર પાસે હોવાની બાતમી હકીકત આધારે તેઓને ત્યાંથી પકડી લઇ પ્રશસંનીય કામગીરી કરેલ છે તેમજ આરોપીનો નામદાર કોર્ટના હુકમ મુજબ કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા.૩૦/૮/૨૦૨૦.

સારી કામગીરી કરનાર:-

(૧) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩
(૨) હે.કો. દિનેશભાઇ ધનજીભાઇ બ.નં.
(૩) પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮
(૪) પો.કો. પ્રકાશભાઇ કાન્તીભાઇ બ.નં.૧૩૧૬૭
(૫) લો.ર.વિશાલકુમાર પ્રભાભાઇ બ.નં.૧૧૨૮૩
(૫) અ.વુ.લો.ર. કોમલબેન જ્યંતિભાઇ બ.નં. ૧૦૫૮૯

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

## તા.૩૦/૦૮/૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન "વટવા પો.સ્ટે. ના ગુનામાં" છેલ્લા "પાંચ વર્ષથી" નાસતા ફરતા આરોપીને પકડી પાડતી નરોડા સર્વેલંન્સ સ્ક્વોડ

અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા ના.પો. કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ ની માર્ગદર્શન હેઠળ "સેકટર- ૨ સાહેબની તા-૧૭/૦૮/૨૦૨૦ થી તા-૩૧/૦૮/૨૦૨૦ સુધીની નાસતા ફરતા આરોપી શોધી કાઢવા ની ડ્રાઇવ રાખેલ હોય" જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓની સુચના મુજબ પો.સબ.ઇન્સ ડી.કે.મોરી તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. પંકેશકુમાર ધનાભાઇ તથા ધુમકેતુ આત્મારામભાઇ નાઓને સંયુક્ત બાતમી મળેલ કે "ગીરીશભાઇ ભોગીલાલ જાતે.સોની ઉવ.૩૯ ધંધો- ડ્રાઇવિંગ રહે. એ/૨૦૭ શાંતીવિલા ફ્લેટ એચ.પી. પેટ્રોલ પંપ સામે દહેગામરોડ નરોડા, અમદાવાદ શહેર"નાનો છેલ્લા પાંચ વર્ષથી વટવા પો.સ્ટે. ફ. ગુ. ર. ન.૨૭૫/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૧૧૪ મુજબ ના કેસમાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો હોય સદર આરોપી નાઓને આજરોજ તા-૩૦/૦૮/૨૦૨૦ ના ક.૧૫/૦૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે CRPC (41)(આઇ) મુજબ અટક કરી વટવા પો.સ્ટે ખાતે જાણ કરી કાયદેસર ની કાર્યવાહી કરવા મા આવેલ છે. તા-૩૦/૦૮/૨૦૨૦.

### આરોપીનુ નામ

ગીરીશભાઇ ભોગીલાલ જાતે.સોની ઉવ.૩૯ ધંધો- ડ્રાઇવિંગ રહે. એ/૨૦૭ શાંતીવિલા ફ્લેટ એચ.પી. પેટ્રોલ પંપ સામે દહેગામરોડ નરોડા, અમદાવાદ શહેર"

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫



## સરખેજ પોલીસ સ્ટેશન :-

**(૧)**

**પેરોલ ફર્લો પર છુટેલ ફરાર આરોપીને પકડી પાડતી**

**સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ નાસતા ફરાતા/વોંટેડ તથા પેરોલ ફર્લો/વચગાળાના જામીન પર છુટી હાજર નહિ થઇ ફરાર આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ.દેવેન્દ્રસિંહ બબલસિંહ બ.નં.૮૬૨૬ તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.લો.ર.ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ તથા અ.પો.કોન્સ.સુરેશભાઇ ગગુભાઇ બ.નં.૯૭૭૩ તથા અ.લોકરક્ષક વિપુલભાઇ શાભાભાઇ બ.ન-૧૧૩૫૭ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સરખેજ ગામ ખાતે આવતા અ.લો.ર.ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ તથા અ.પો.કોન્સ.સુરેશભાઇ ગગુભાઇ બ.નં.૯૭૭૩ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ગામ ખાતે પાકા કામના કેદી બ/૩૬૦૦૮ કલ્પેશ ઉર્ફે ધમાભાઇ કિશનભાઇ રહે.વાઘરીવાસ જોગણીમાતાના મંદિર પાસે,સીપાઇવાસ સરખેજ અમદાવાદ શહેરનો સાબરમતી મધ્યસ્થ જેલ ક્રમાંક:જ્યુડી/૨/૩૪૫૭/૨૦૨૦ તા,૧૭/૦૮/૨૦૨૦ આધારે પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી,ગુજરાત રાજ્યનાં હુકમ ક્રમાંક:જ્યુડી/પરલ/૨૧૪૫/૨૦૨૦ તા.૨૫/03/૨૦૨૦ આધારે દિન-30ના પેરોલ મંજુર તથા દિનનાં વધારા સાથે કુલ-30 દિવસ માટે તા.૨૭/03/૨૦૨૦ ના રોજ સાબરમતી મધ્યસ્થ જેલ ખાતેથી પેરોલ પર મુક્ત કરવામાં આવેલ અને તા.૨૭/0૪/૨૦૨૦ ના રોજ પરત હાજર થવાનુ પરંતુ પરત જેલ ખાતે હાજર થયેલ નહિ અને ફરાર આરોપી તા.૨૭/0૮/૨૦૨૦ ના કલાક ૧૧/૩૦ વાગે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપી:- કલ્પેશ ઉર્ફે ધમાભાઇ કિશનભાઇ ચુનારા ઉ.વ.૩૫

રહે.વાઘરીવાસ જોગણીમાતાના મંદિર પાસે,સીપાઇવાસ સરખેજ અમદાવાદ



<u>(૨)</u>

## <u>પ્રોહિબિશનના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ નાસતા ફરાતા/વોંટેડ તથા પેરોલ ફર્લો/વચગાળાના જામીન પર છુટી હાજર નહિ થઇ ફરાર આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ.ઇદરીશખાન સામતખાન બ.નં.૫૭૨૫ તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સરખેજ સાણંદ સર્કલ ખાતે આવતા સાથેના <u>અ.હેડ.કોન્સ.ઇદરીશખાન સામતખાન તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ નાઓની ખાનગી બાતમી</u> હકીકત આધારે સાણંદ સર્કલથી શાંતિપુરા સર્કલ જતા રોડ ઉપર સિગ્નેચર-૨ બિલ્ડીંગ આગળથી "વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન III-૨૬૯/૨૦૨૦ પ્રોહિ કલમ ૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨) મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપી રહિમભાઇ સન/ઓ ચાંદભાઇ નુર મહમદ પઠાણ ઉ.વ.૫૦ રહે.સૈયદ બાપુની ચાલી મલકાણી ટેકરો સરખેજ પોલીસ સ્ટેશન પાછળ સરખેજ અમદાવાદ શહેરનાને તા.૨૮/૦૮/૨૦૨૦ ના કલાક ૧૯/૧૫ વાગે સી.આર.પી.સી-૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

<u>પકડાયેલ આરોપી:-</u> રહિમભાઇ સન/ઓ ચાંદભાઇ નુર મહમદ પઠાણ ઉ.વ.૫૦
રહે.સૈયદ બાપુની ચાલી મલકાણી ટેકરો સરખેજ પોલીસ સ્ટેશન પાછળ સરખેજ



## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## છેલ્લા ત્રેવીસ વર્ષથી કાગડાપીઠ પોલીસ સ્ટેશનના ગુનામાં પોલીસ પકડથી ભાગતા ફરતા આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સઘન ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સીંહ તથા સેકન્ડ પોલીસ ઇન્પેકટરશ્રી પી.કે.પટેલ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ. ફ.ગુ.ર.નં.૨૬૩/૯૭ ઇ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) કામનો આરોપી દિપકકુમાર ડાયાભાઇ પટેલ ઉ.વ. ૪૨ રહે, ગામ સંડેર સોનીવાડો સતાકપરૂની બાજુમાં મોટો માઢ(બાલીસણા) તા.પાટણ જી.પાટણ નાનો છેલ્લા ત્રેવીસ વર્ષ થી ઉપરોક્ત ગુનાઓમાં પોલીસ પકડથી ભાગતા ફરતો હોય આરોપીની ખાનગીરાહે બાતમી હકિકત મેળવી પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી તપાસ કરતા સદરી આરોપી મળી આવતા આરોપી વિરૂદ્ધ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ મહામારી અનુસંધાને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ કોરોના અંગેની સારવાર કરાવી જરૂરી હોય કોરોના અંગેનો રીપોર્ટ આજરોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતેથી કરાવેલ હોય જે નેગેટીવ આવ્યે થી કાયદેસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી કરાશે. કાગડાપીઠ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા છેલ્લા ત્રેવીસ વર્ષથી પોલીસ પકડથી ભાગતા ફરતા આરોપીને પકડી પાડી સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. તા. ૩૦/૦૮/૨૦૨૦.

**કામગીરી કરનાર અધિકારી કર્મચારી :-**

કે.એ.જાડેજા પોલીસ સબ ઇન્સપેક્ટર કાગડાપીઠ પોલીસ સ્ટેશન .

અ.હે.કો. ઇશ્વરભાઇ શંકરભાઇ બ.નં.૯૪૧૮ તથા અ.પો.કો. કાળુભાઇ દેવજીભાઇ બ.નં. ૧૦૦૪૯ તથા અ,પો,કો. શૈલેષભાઇ માધાભાઇ બ.નં.૯૯૦૩ તથા અ.લો.ર અજયસીંહ પ્રતાપસીંહ બ.નં-૧૪૩૧ તથા કુલદિપસિંહ વનરાજસીંહ બ.નં-૧૨૯૮૪ તથા અ.લો.ર રમેશભાઇ અરજણભાઇ

**આરોપીનો ફોટો :-**



# તડીપાર ઇસમની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા માથાભારે ઇસમને અમદાવાદ શહેર તથા તેની લગો-લગના જીલ્લાઓમાથી બે વર્ષ માટે તડીપાર કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ માથાભારે ઇસમ જયેશભાઇ ઉર્ફે રઘુ ઘનશ્યામભાઇ ઠક્કર ઉ.વ ૪૫ રહે,ઘર નં સી/૩૦૪ ઘનશ્યામનગર ઘોડાસર કેનાલ રોડ ઘોડાસર ઇસનપુર અમદાવાદ શહેરનાનો તડીપારનો પ્રપોઝલ ભરી સદરીને અમદાવાદ શહેર તથા તેની લગોલગના જીલ્લાઓમાથી તડીપાર હુકમ ક્રમાંક/એ-ડીવીઝન/હદપ/૦૫/૨૦૨૦ તા.૨૧/૦૮/૨૦૨૦ થી બે વર્ષ માટે તડીપાર કરવામા આવેલ જે હુકમની બજવણી તા ૨૭/૦૮/૨૦૨૦ ના રોજ કરેલ છે તા.૩૦/૦૮/૨૦૨૦



# <u>પાસા અટકાયતની વિગત</u>

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :-</u>**

**<u>(૧)</u>**

## <u>પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની **પાસામા અટકાયત કરી ભુજ પાલારા મધ્યસ્થ** જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ પ્રોહીબિશનના ગુનાઓમા પકડાયેલ આરોપી કુણાલ વાડીલાલ ઠક્કર ઉ.વ ૪૨ રહે મ.ન ઇ/૧૧ ઇશ્વરનગર સોસાયટી ઉત્તમનગર કેનાલ પાસે ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૭૫૪/૨૦૨૦ તા.૨૮/૦૮/૨૦૨૦ થી ભુજ પાલારા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૩૦/૦૮/૨૦૨૦



## (૨)

# વાડજ પોલીસ સ્ટેશન તથા મેઘાણીનગર પોલીસ સ્ટેશનમા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય અને હાલમા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબનાઓ તરફથી તા ૧૭/૦૮/૨૦૨૦ થી તા ૩૧/૦૮/૨૦૨૦ સુધી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા અંગેની ડ્રાઇવ રાખેલ હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પાસાનો હુકમ થયેલ આરોપી મનિષભાઇ અમરતભાઇ જીંજુવાડીયા ઉ.વ ૪૭ રહે,મ.નં બી/૬૫/૧૦૪ સ્વામીનારાયણ પાર્ક હરિદર્શન ચોકડી પાસે નવા નરોડા અમદાવાદ શહેરનાની તપાસ કરતા તે મળી આવતા સદરીને પુછપરછ કરતા તે વાડજ પોલીસ સ્ટેશન તથા મેઘાણીનગર પોલીસ સ્ટેશનમા નાસતો-ફરતો હોવાનુ જણાવતા આ બાબતે તપાસ કરતા સદરી આરોપી મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૩૫/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનામા તથા વાડજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૪૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનામા નાસતો-ફરતો હોય અને સદરીનો પાસાનો હુકમ થયેલ હોય સદરીને તા ૨૯/૦૮/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી ભુજ જેલથી આરોપીનો કબ્જો મેળવી લેવા માટે વાડજ પોલીસ સ્ટેશન તથા મેઘાણીનગર પોલીસ સ્ટેશનને જાણ કરવામા આવેલ છે તા.૩૧/૦૮/૨૦૨૦



## શાહપુર પોલીસ સ્ટેશન :-

**(૧)**

### મિલકત સબંધી ગુનામાં આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક:- PCB/DTN/પાસા/૭૪૨/૨૦૨૦ તા.૨૭/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે મોહમદ તલ્હા ઉર્ફે મુરઘી સ/ઓ મોહમદ આરીફ મોહમદ યાસીન શેખ ઉવ.૧૮ રહે. મ.નં.૧૪૩૪, લોધવાડ મિરજાપુર શાહપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૩૦/૦૮/૨૦૨૦ ના કલાક.૧૫/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "લાજપોર-સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૩૦/૦૮/૨૦૨૦



**(૨)**

### મિલકત સબંધી ગુનામાં આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક:- PCB/DTN/પાસા/૭૬૧/૨૦૨૦ તા.૨૯/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે કિરણ સ/ઓ રાજેશભાઈ દંતાણી ઉ.વ.૨૦ ધંધો.છુટકમજુરી રહે.૧૪૯૬, દરબારગલી નાગોરીવાડ ચોકીની સામે શાહપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૩૦/૦૮/૨૦૨૦ ના કલાક.૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "પાલરા-ભુજ" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૩૦/૦૮/૨૦૨૦



**<u>સરખેજ પોલીસ સ્ટેશન :-</u>**

## <u>મિલ્કત સંબંધી ગુન્હાના આરોપીની "પાસા" હેઠળ અટકાયત કરતી સરખેજ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મીલ્કત સંબંધી બનાવો અટકાવવા તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરુધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા મીલ્કત સંબંધી ગુનાઓની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સરખેજ પોલીસ સ્ટેશન નાઓએ અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેરનાં અન્ય વિસ્તારમાં મીલ્કત સંબંધી ગુનાઓમાં પકડાયેલ ઇસમ વિરુધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી મિલ્કત સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઇસમ નાઓ વિરુધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી,અમદાવાદ શહેર નાઓને પાઠવી મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક: પીસીબી/ડીટેઇન/૭૫૬/૨૦૨૦ તા-૨૯/૦૮/૨૦૨૦ ના રોજથી "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે સદર ઇસમને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદરી ઇસમને તા-૩૦/૦૮/૨૦૨૦ ના કલાક ૧૨/૩૦ વાગ્યે ઉપરોક્ત "પાસા" હુકમની બજવણી કરી સદર ઇસમને યોગ્ય કેદી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે

<u>આરોપી</u>

કુઝેલ સ/ઓ કાદરભાઇ ઉર્ફે બાબુભાઇ ગાંડા એમદાણી (મેમણ) ઉ.વ.૨૫ ધંધો-મજુરી કામ રહે.પટેલવાસ,ગાયત્રી મંદીરની બાજુમાં,સંજરી રેસીડેન્સી ની બાજુમાં અમદાવાદ શહેર



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૭૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૮ લીટર દેશી દારૂ, ૨૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૭૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૭૮/૨૦૨૦

**સાયબર ક્રાઈમ**ઃ કલ્પેશ મનુભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. અવધ બંગ્લોઝ, સાયન્સ સિટી રોડ, સોલા) એ તા.૩૦/૦૮/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૧૯ થી તા.૧૭/૧૦/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) BZ – 622122 પરથી મેસેજ મોકલનાર (૨) વ્હોટ્સ એપ નંબર +૧(૮૧૪)૨૭૧-૦૭૮૧ પરથી મેસેજ કરનાર ડૉ.મેઘન એંડર્સન (૩) ક્રિશ્ના એંટરપ્રાઈઝના નામે ફોન પર વાત કરનાર મો.૯૧૫૬૨૭૧૩૦૪ ના ધારક તથા ઈ-મેઈલ આઈડી : salesdpt@krishnanentps.in ના ધારક (૪) પંજાબ નેશનલ બેંક ખાતા નંબર ૪૩૬૫૦૦૨૧૦૦૧૦૬૧૬૫ ના ધારક (૫) આંધ્ર બેંક ખાતા નંબર ૩૦૭૨૧૧૧૦૦૦૦૧૨૯૧ ના ધારક અને (૬) મોબાઇલ નંબર +૧ (૩૦૩) ૫૬૯-૪૪૯૫ પરથી વાત કરનાર મિશેલ સ્ટિવન એ ભેગા મળી કલ્પેશ પટેલને કેમિકલનો વેપાર ધંધો કરવાનો મેસેજ કરી વિશ્વાસમાં લઈ કલ્પેશ પટેલને ૨૦,૧૨,૫૦૦/- રૂપિયાનુ કેમિકલ ખરીદ કરાવી, કેમિકલ નહી મોકલી તેમજ નાણા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

**પાલડી**ઃ નમ્રતા ધરણેન્દ્ર શેઠ (ઉ.વ.૩૫) (રહે. રત્નકળશ ફ્લેટ વિશ્વકુંજ ચાર રસ્તા એન.આઇ.ડી રોડ પાલડી) એ તા.૩૦/૦૮/૨૦૨૦ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી તા.૧૭/૦૭/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૬૨૯૧૯૪૭૦૧૭ ના ધારકે નમ્રતા શેઠના ભાભીના પિતાજીના આધાર કાર્ડમાં મોબાઇલ નંબર ઓનલાઇન બદલાવવા માટે ફોન કરતા નમ્રતા શેઠના ભાભીએ જસ્ટ ડાયલમાં સર્ચ કરતા તેઓએ લીંક મોકલેલ અને તે લીંક ઓપન કરીને તે ફોર્મમાં રૂપિયા ૧૦/- ભરીને ફોર્મ સબમીટ કરવાનુ કહેતા લીંક ઓપન થતી નહોતી જેથી નમ્રતા શેઠના ભાભીએ નમ્રતા શેઠને પ્રોસેસ કરી આપવાનુ કહેતા નમ્રતા શેઠ એ ફોન કરનાર વ્યકિત સાથે વાત કરતા નમ્રતા શેઠના મોબાઇલ નંબર ઉપર ટેક્ષ મેસેજથી લીંક મોકલતા માંગ્યા મુજબની માહીતી ભરીને સબમીટ કરતા નમ્રતા શેઠના ખાતામાંથી રૂપિયા ૫૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.પાંડવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૯/૨૦૨૦**

**ગાયકવાડ હવેલીઃ** મુસ્તાક સલીમભાઈ એડનવાળા (ઉ.વ.૪૧) (રહે. સના ફ્લેટ કાઝીના ધાબા આસ્ટોડીયા દરવાજા આસ્ટોડીયા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૦ બપોરના ૩/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.જેતાવત ચલાવે છે.

**નારોલઃ** સુમીતકુમાર દુર્વિજયસિહ શાક્ય (ઉ.વ.૨૦) (રહે. ભારતનગર સોસાયટી નારોલ કોર્ટ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૦ સવારના ૯/૦૦ થી સાજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી